

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નેતાઓને જમાઈ, પુત્રો કે મિત્રોની જ પડી છે!*
*ઉસેડી લેવું બધું, ઘર-ભરવાની જ પડી છે!*
*પડી છે કોને, દેશ અને ગરીબોની વેદનાની -*
*થઈ છે મજાક લોકશાહી, સત્તાની જ પડી છે...*

હાઈકુ

*વિકાસ ટ્રેન -*
*ચૂંટણીની ચોપાટે -,*
*ઉતરે પાટા...*
*(પ્રભુ, નિઃસહાય)*

*ચઢવું સૌને -*
*'અનામત' સીડીએ -,*
*ખપે છે સત્તા...*
*(નેતૃત્વની ખેંચતાણ)*

### ચિંતન

*વિદ્યાખ્યાપિતા ખ્યાતિઃ*

વિદ્યાથી યશનો વિસ્તાર થાય છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલો છે.

વિદ્યાર્થી-જ્ઞાનથી યશ ફેલાય છે. જે દેશમાં વિદ્વાનોનું યોગ્ય સન્માન થાય છે, એમને ઉચ્ચ સ્થાનો સોંપાય છે. એ દેશની ખ્યાતિ ચારે તરફ વિસ્તરે છે. આથી રાજા કે શાસક વિદ્યાપ્રેમી હોવો જોઈએ.

આપણે જાણીએ છીએ કે પ્રતિષ્ઠિત અને સુપ્રસિદ્ધ સાહિત્ય-સંશોધનના એવોર્ડ મળ્યા પછી વ્યક્તિનું-સંશોધનના એવોર્ડ મળ્યા પછી વ્યક્તિનું વિશ્વભરમાં નામના સાથે માન-સન્માન વધી જાય છે.

દેશ-દેશ, વિદેશોમાં તેને ઉચ્ચ પદવીની ઑફર મલે છે. તેમના એક એક શબ્દનું મૂલ્ય વધી જાય છે.

ભારતના વૈજ્ઞાનિકો - અર્થશાસ્ત્રીઓ - ડૉકટરો - ઈજનેરોનું આજે 'વિદ્યા'ને કારણે જ ખૂબ સન્માન થાય છે. એમને કારણે જ દેશનું મહત્ત્વ પણ વધે છે.

### સુવિચાર

- રાજા જો જાહેર બગીચામાંથી એક સફરજન તોડશે તો જનતા તે વૃક્ષનાં મૂળિયા ઉખાડીને ફેંકી દેશે - **ફારસી કહેવત**
- તમારું કેટલું પતન થાય છે તે મહત્ત્વનું નથી, પણ તમે કેટલી ઝડપથી પુનરાગમન કરો છો તે બાબત મહત્ત્વની છે - **ડો. અઢિયા**
- તમે કુદરતના નિયમોની અવગણના કરતા હોવ તો તેની અદાલતમાં તમે પોતે જ તમારા વકીલ, ન્યાયાધીશ અને ફાંસીગર છો - **અખંડ આનંદ**
- દરેક વ્યક્તિની પસંદગી કરવી આપણા વશમાં નથી, પણ દરેક વ્યક્તિ પ્રત્યે દયાભાવ રાખવો, આપણા હાથની વાત છે - **સંત રોબિન**
- કોઈ પણ સ્થિતિમાં પાંચ બાબતોથી તમારી પ્રતિમા દીપી ઊઠે છે તે છે, વ્યક્તિની ગંભીરતા, આત્માની ઉદારતા, નિષ્ઠા, સમર્પણ અને કરુણા - **કન્ફુસીયસ**
- સમુદ્રના તળિયાનો સ્પર્શ કર્યા વગર મોતી મળતાં નથી - **જાપાની કહેવત**

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજના જમાનામાં તબીબી સેવાઓ ખૂબ જ મોંઘી થઈ ગઈ છે, દવો, લોહીની તપાસ તથા અને તપાસ - નિરીક્ષણોની 'ફી' પણ ચીરી નાખે તેવી હોય છે વિશેષમાં દવાખાના રોકાણ અને ડૉકટરોની ફી... મધ્યમવર્ગી માણસ માંદા પડવા કરતાં મૃત્યુને વધારે પસંદ કરે છે.

ડૉ. નાગ મહાશય નિષ્ણાત અને સેવાભાવી હતા. બંગાળના ગામડામાં એમની ખ્યાતિ હતી. વાજબી ફી લઈ ગ્રામજનોની સારવાર કરતા હતા. નિષ્ણાત હતા છતાં દંભ-ડોળ ન હતો.

એકવાર ગામડાના એક ખેતરમાં એક ગરીબ ખેડૂતને ન્યુમોનિયા - શરદી - તાવ થયાં. નાગ મહાશયે જોયું ઘરમાં ખૂબ ભેજ હતો. પથારી જમીન પર અને અર્ધી ભીની જેવી હતી.

ડૉકટરે ખેડૂ પત્નીને કહ્યું દર્દીની પથારી પલંગ કે ખાટલા પર કરો આ રીતે તો શરદી નહીં મટે... સ્ત્રીની આંખના ખૂણામાંથી પાણી ટપક્યું. નાગ મહાશય ગરીબી સમજી ગયા. ઘેર જઈ જાતે પોતાના ખભા પર ખાટલો ઊંચકી દર્દીના ઘરે લઈ ગયા... દર્દીને ઉષ્મા ભર્યો પ્રેમ મળ્યો.

# પંજાબમાં રસપ્રદ ત્રિપાંખિયો જંગ

**તંત્રીસ્થાનેથી...**

પંજાબમાં સળંગ બે ટર્મથી ચૂંટાતી રહેતી અકાલી દળના નેતૃત્વવાળી ગઠબંધન સરકાર સામે વર્તમાન ચૂંટણી મોટા પડકાર સમાન છે. જો કે અગાઉ હરહંમેશા અકાલી-ભાજપના ગઠબંધન સામે કોંગ્રેસ એક માત્ર પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષ રહેતો રહ્યો છે એને ઠેકાણે આ વખતે આમ આદમી પાર્ટીનું એક વધુ પરિબળ ચિત્રમાં આવેલ છે. દિલ્હી સાથે પંજાબ નાભિનાળનો સંબંદ ધરાવે છે બલકે દિલ્હી મહદંશે પંજાબી કલ્ચરની અસર હેઠળ જ રહેતું ઓવલ છે. પંજાબના ભાગલા પડીને હરિયાણા નામે નવા હિંદીભાષી રાજયની રચના થઈ તે પહેલાં પંજાબ અને દિલ્હીના સીમાડા પણ એકમેક સાથે મળતા હતા. આથી હરિયાણવી ગોત્રનો અરવિંદ કેજરીવાલને પંજાબમાં સાહજિક પ્રવેશ મળી ગયો અને લોકસભામાં પંજાબે જ એમની આમ આદમી પાર્ટીનું ખાતું ખોલાવ્યું હતું તે સૌ જાણે છે. કેજરીવાલની જાદુઈ કરિશ્મા સમય સાથે ઓસરતી ગઈ છે છતાં ત્રીજા રાજકીય પરિબળ તરીકે પંજાબમાં આમ આદમી પાર્ટીએ કાઠું કાઢ્યું છે એ બાબતનો ઈનકાર થઈ શકે એમ નથી. અરવિંદ કેજરીવાલને જ પાર્ટીએ મુખ્યમંત્રી પદના ઉમેદવાર હોય એ રીતે રજૂ કરી વિધાનસભાની ચૂંટણીજંગમાં ઝુકાવ્યું હતું અને ત્રીજા વિકલ્પ તરીકે ઊપસવાની આશા સેવી છે. જો કે છેલ્લાં ઘણાં વર્ષોથી પંજાબની પ્રજા કોંગ્રેસ અને અકાળીદળને વારાફરતી શાસનની ધુરા સોંપતી રહી છે, તેનું આ વખતે પણ પુનરાવર્તન થવાની સંભાવના નકારી શકાય એમ નથી. પંજાબના લોકપ્રિય નેતા કેપ્ટન અમરિંદરસિંઘ મૂળે પટિયાલા સ્ટેટના રાજવી છે. એમની પ્રતિભાના જોરે તથા પોટે જાટ સમુદાયમાંથી આવતા શીખ હોવાના નાતે તેઓ અકાલીદળના કટ્ટર ધાર્મિક નેતાઓ સામે ટક્કર ઝીલતા રહ્યા છે. અકાળી દળમાં ચાલતી જૂથબંધી વરિષ્ઠ અકાલી નેતા ગુરુચરસિંહ તોડહાના નિધન પછી લગભગ સમાપ્ત થઈ ગઈ છે પરંતુ ઈંદિરા ગાંધીના આદેશથી 'હરમિંદર સાહિબ' પર ભિંજરાવાલેનો ખાતમો કરવા કરાયેલ હુમલાને હજી શીખો ભૂલ્યા નથી. કોંગ્રેસ વિરુદ્ધ શીખ વિરોધી પાર્ટીનું લેબલ લાગેલું જ છે. એવા સંજોગોમાં પંજાબની ભટકી ગયેલી નશાખોર યુવા પેઢી કોની સાથે રહેવાનું પસંદ કરશે તે બાબત સવિશેષ મહત્ત્વની બની જાય છે. અકાલી નેતાઓ સામે પંજાબમાં ડ્રગવ્યવસાયને પ્રોત્સાહિત કરવાના અને આશ્રય આપવાના સંગીન આક્ષેપો થતા રહ્યા છે. ચૂંટણી જીતવા માટે એક તરફ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી નશાખોરી બહેકાવવા બદલ અકાલી-ભાજપના તારણહાર ગણાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુવા પેઢીને 'બદનામ' કરનારાં રાજકીય પરિબળોને બોધપાઠ આપવાની હાકલ કરે છે. હકીકત એ છે કે પંજાબ નશાખોરીમાં ઝૂમતા બદબાદ પ્રદેશની ઓળખ અંકે કરી ચૂકેલ છે અને વર્તમાન અકાલી-ભાજપ સરકારના અમુક મંત્રીઓ સહિત ઘણા આગેવાનો ડ્રગના ધંધામાં સામેલ હોવાના સંગીન પુરાવા સાંપડેવલ છે. મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલના પુત્ર અને ઉપમુખ્યમંત્રી સુખવિંદર સિંહ બાદલના સગા સાળા મજીઠિયા સામે તો કેસ પણ થયેલ છે. પંજાબના અકાલી રાજકારણમાં બાદલ પરિવારનો જ દબદબો છે. વંશવાદી રાજકારણના કટ્ટર વિરોધી ગણાતા વડાપ્રધાનને પણ સામે ચાલીન કેન્દ્રમાં પણ બાદલ પરિવારનાં પુત્રવધૂનો જ સમાવેશ કરવો પડે છે તે કેવી વિડંબના છે! એની સામે કોંગ્રેસમાં પ્રમાણમાં વધુ લોકતંત્રાત્મક પરિસ્થિતિ પ્રવર્તે છે. વળી રાહુલ ગાંધીએ પ્રજાને વિશ્વાસ પડે અને નવજોત સિદ્ધુના પ્રવેશ પછી કોંગ્રેસી કાર્યકરોમાં બિનજરૂરી વિવાદ કે શંકાકુશંકા ઊભી ન થાય એ હેતુસર અમરિંદરસિંહને મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરીને સ્પષ્ટતા કરવી પડી છે. અમરિંદરે પોતે પણ આ અગાઉ નવજાત સિદ્ધુને પાર્ટીમાં પ્રવેશ આપતી વખતે કહ્યું જ હતું કે એને મંત્રી બનાવવો કે નાયબ મુખ્યમંત્રી તે સોનિયા ગાંધી જ નક્કી કરશે. અમરિંદર પાર્ટીના સિનિયર નેતા તરીકે પંજાબમાં પોતાનું ધાર્યું કરવા ટેવાયેલા છે. રાહુલ ગાંધીની યંગ બ્રિગેટે પણ જેટલી જેવા મહારથીને અમૃતસરની બેઠક પર પરાજય આપનારા અમરિંદરનું વર્ચસ્વ સ્વીકારવું પડ્યું છે. મોદી પાસે કોંગ્રેસે સપા અને સામ્યવાદીઓ સાથે કરેલ સગવડિયા ગઠબંધન જેવા મુદ્દાઓ સિવાય અકાલીદળની તરફેણમાં બીજો કોઈ મુદ્દો જ નથી કે શું? પંજાબ અને ઉત્તરપ્રદેશ - બેઉ ભાજપ માટે અગત્યનાં રાજયો બની રહ્યાં છે તો બીજી તરફ કોંગ્રેસ માટે પંજાબ પ્રતિષ્ઠાનું રાજય છે અને ભાજપ વિરુદ્ધ ઝુંબેશ ચલાવી એને સત્તારૂઢ થતું અટકાવવા ઉત્તરપ્રદેશ પણ એટલું જ બલકે વિશેષ મહત્ત્વનું છે. આમ આદમી પાર્ટી માટે દિલ્હી બહાર પગપેસરા માટે પંજાબ સૌથી મહત્ત્વની ભૂમિકા પૂરી પાડનારું રાજય છે. એ દષ્ટિએ પ્રમાણમાં નાનું રાજય હોવા છતાં પંજાબનો ત્રિપાંખિયો જંગ રાજકારણના અભ્યાસીઓ માટે એક ખૂબ જ રસપ્રદ પ્રકરણ બની રહેશે.

# મગર — એક વિશિષ્ટ જીવ



**વનસૃષ્ટિનો પરિચય**
હેમંત સુથાર

૨૪૦૦ લાખ વર્ષ પહેલાં ડાયનાસૌર સાથે આવેલા મગર પણ પહેલા બે પગે ચાલતાં હતા સમય જતા પેટ ઘસડીને ચાર પગે ચાલતાં થયા. એ કારણે જે તેના શરીરનો આગળનો ભાગ ટુંકો અને પાછળનો ભાગ લાંબો છે.

મીઠા પાણીના એટલે કે નદી, તળાવના અને ખારા પાણીના એટલે કે દરિયાના એમ મળીને કુલ ૨૩ જાતિના મગર આ પૃથ્વી પર છે. પૃથ્વી પરના મોટામાં મોટા મગર તરીકે સોલ્ટ વોટર ક્રોકોડાયલ ૨૩ ફૂટ સુધીની લંબાઈનો અને ૧૦૦૦ કિલો જેટલા વજનનો નોંધાયો છે. જયારે નાનામાં નામો મગર ડવાર્ફ ક્રોકોડાયક કે જે ૬.૫ ફૂટ અને ૭ કીલો જેટલા વજનનો જોવા મળેલ છે. પાલતું મગર એક વર્ષમાં ૧.૫ મીટર (૫ ફૂટ) જેટલો વધી શકે છે. મગર ૮૦ વર્ષ જેટલું આયુષ્ય ધરાવે છે. આફ્રિકા, એશિયા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા ખંડોનાં મગરની ઉપસ્થિતિ જોવા મળે છે. વિશાળ કદ ધારણ કરતાં મગરના ઈંડા ફક્ત બતકના ઈંડા જેવડા હોય છે. માદા મગર તેને નદી-સમુદ્રની રેતીમાં ખાડો કરીને ૨૦ થી ૮૦ જેટલા મુકે છે અને તેને રેતીમાં ઠાંકી દે ઓછે. રેતીમાં બચ્ચા જન્મે લે કે તુરંત બોલવા લાગે છે. તે અવાજ સાંભળતાં જ તેની માં તેમને રેતી દૂર કરી બહાર નીકળવામાં મદદ કરે છે. તુરંત જન્મેલા બચ્ચા પૈકી પ્રથમ વર્ષે ૯૯ ટકા મોટી માછલીઓ, બગલાં, ઘો અને અન્ય પુખ્ત મગરોનો શિકાર બને છે. રેતીના તાપમાના આધારે મગરના ઈંડા નર કે માદાની જાતિ નક્કી થાય છે.

કલાકના ૪૦ કિલોમીટરની ઝડપે તરી શકતા મગર જમીન પર ખુબ જ ટૂંકું અંતર દોડતાં જ થાકી જાય છે. તેવી મજબૂત પૂંછડી તરવામાં અને સંતુલન જાળવવા તથા હુમલો કરવામાં મદદરૂપ બને છે. તેનું વિશિષ્ટ ૪ ખાનાવાળું હૃદય તેને પાણીની અંદર ન દેખાય તે રીતે ઢંકાયેલું રહે છે. ઠંડુ લોહી ધરાવતાં મગર ને વધુ ગરમી લાગે ત્યારે રેતીના ખુલ્લા પટમાં કિનારે મોઢું ખુલ્લું રાખીને પડ્યો રહે છે. તેની જાડી ભીંગડાવાળી ચામડી પર પરસેવો થતો નથી તેથી મોઢામાં લાળની મદદથી તે શરીરની ઠંડક મેળવે છે. ઠંડી લાગે ત્યારે આજ મગર સવારના સૂર્યના તડકામાં ગરમાવો લેતો પણ જોવા મળે છે.

મગરને ૨૪ (ચોવીસ) દાંત હોય છે જે પડી જાય તો સમગ્ર જીવનકાળ દરમિયાન નવા આવતાં રહે છે. તેનો અર્થ એ કે મગર કદી બોખો થતો નથી. મગર પોતાના ખોરાકને ચાવતો નથી. દાંતની મદદથી શિકારને મજબૂતીથી પકડીને તેના મોટા મોટા ટૂંકડા કરીને આખેઆખા ગળી જાય છે. આવા માંસના ટુકડાના પચન માટે મગર પથરા ગળે છે જે પેટમાં હલાવીને મદદરૂપ બનાવે છે. જેટલી તાકાત મગર મોઢું બંધ કરતાં સમયે લગાવી શકે છે તેટલી તાકાત મોઢું ખોલવા માટે લગાવી શકતો નથી. આ કારણે તેનું મોઢું સામાન્ય જાડી સેલોટેપથી બંધ કરી શકાય છે.

કોઈ જલસ્ત્રોતમાં મગરની ગણતરી કરવી હોય તો રાત્રિના સમયે પેટ્રોલમેક્ષ કે બેટરીનું લાઈટ કરતાં પાણીની અંદર મગરોની ચમકતી બબ્બે આંખો જોવા મળે છે. તે આધારે અંદાજ લગાવી શકાય છે. મગર આછા પ્રકાશમાં રાત્રિના સમયે પણ જોઈ શકવાની શક્તિ ધરાવે છે.

અંતે, 'મગરના આંસુ' કહેવત પ્રમાણે ખરેખર આંસુ હોતા નથી પરંતુ ખોરાક લેતી વખતે તેના સાયનસ - મોઢા તથા આંખોના પોલાણ ભાગેથી હવ અને ફીણની હાજરીને કારણે તે દરમિયાન નીકળતું પાણી આંસુ નીકલતાં હોય તેવું લાગે છે. મગરની ચામડીના વેપારને લીધે લગભગ બધી મગરની જાતિઓનું અસ્તિત્વ ભય હેઠળ છે.

# ભારતીય હાસ્ય જગતનું સૌથી લોકપ્રિય પાત્ર : ડૉ. મશહૂર ગુલાટી



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

૨૧મી સદી માત્ર નવી નવી શોધો અને ઈન્ટરનેટની ભવ્ય સફળતાને કારણે જ માણવા જેવી છે એવું નથી પણ આ નવી સદીમાં સાહિત્યમાં, રાજનીતિમાં, સમાજનીતિમાં, આર્થિકનીતિમાં, અને મીડિયાક્ષેત્ર આ તમામ જાહેર ક્ષેત્રોમાં ખુબ જ સૂક્ષ્મતાથી પરિવર્તનો થઈ રહ્યા છે. આ ૨૧મી સદીએ જેટલી ભૌતિક સંપતિ કે વૈશ્વિક સંપતિ ઘેર બેઠા આપી છે તો સામે ઘેર બેઠા માનસિક તાણ અને વિવિધ પ્રકારના ટેન્શન પણ આપ્યા છે. જો કે આવા નકારાત્મક આવેગોને દૂર કરવાનું અદભુત સોફ્ટવેર ''હાસ્ય'' ઈશ્વરે આપણી અંદર ઈન્સ્ટૉલ કરીને જ આપણને મોકલ્યા છે. પરંતુ આ ''હાસ્ય''ના સૉફ્ટવેરને મોટાભાગના લોકો એક્ટિવેટ કરી શકતા નથી.



વૈશ્વિક કક્ષાએ ફિલ્મ અને ટી.વી ક્ષેત્રે ચાર્લી ચેપ્લિનથી શરું થયેલી હાસ્યયાત્રા છેક કપીલ શર્મા સુધી આપણે જોઈ છે. પરંતુ આજકાલ હાસ્યની દુનિયામાં ભારતભરમાં એક પાત્ર ખુબ જ લોકપ્રિય અને સુપ્રસિદ્ધ બની ગયું છે. ''ડૉ. મશહુર ગુલાટી'' નું. તા. ૩, ઓગષ્ટ, ૧૯૭૭ના રોજ હરિયાણાના સિરસા ગામે જન્મનાર સુનિલ ગ્રોવર નામના આ કલાકારે અકલ્પનીય લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. સ્કૂલનું શિક્ષણ સિરસાની આર્ય વિદ્યા મંદિર શાળામાં અને કૉલેજનું શિક્ષણ બી.કોમ ગુરુ નાનક કૉલેજ તથા માસ્ટર ઓફ થિયેટર-પંજાબ યુનિવર્સિટી – ચંદિગઢમાં લીધું છે. આ યુવા કલાકારે કારકિર્દીની શરુઆત મિમિક્રી કલાકાર તરીકે સ્ટાર્ટ રેડિયો જોકી – રેડિયો મીર્ચીના હાસ્ય શૉ ''હંસી કે ફવારે'' થી કરેલી પણ બહું સફળતા મળેલી નહીં. આરંભના ઘણા વર્ષો ખુબ સંઘર્ષ કર્યો શાહરૂખ ખાન અને અમિતાભની આબેહૂબ નકલે એને થોડો પ્રસિદ્ધ કર્યો પણ નકલ એ નકલ હોય છે. આવી નકલ કરવાવાળા અનેક મિમિક્રી આર્ટીસ્ટો ભારતભરમાં ગામેગામ જોવા સાંભળવા મળે છે. પણ કહે છે ને કે એક લગનથી કરેલો સકારાત્મક સંઘર્ષ ક્યારેય નિષ્ફળ જતો નથી.

પારિવારિક, શિષ્ટ અને નિર્મળ હાસ્ય પીરસતો નવો ટી.વી શૉ '' કોમેડી વીથ કપિલ '' શરું થાય છે. અને એમાં ''ગુથ્થી''ના પાત્રથી સુનિલ ગ્રોવર ખુબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે. જો કે આ કલાકાર એકદમ હેન્ડસમ અને ફિલ્મ હિરો જેવો દેખાતો હોવા છ્તાંય ''ગુથ્થી'' જેવું સ્ત્રીનું પાત્ર સ્વીકારી એણે પડકારરૂપ અભિનય કરેલો પરંતુ એકાદ બે વર્ષમાં આ લોકપ્રિય શૉ કોઈ કારણોસર બંધ થયેલો. અને ફરીથી સોની ટી.વી પર આ જ ટીમ દ્વારા '' ધ કપિલ શર્મા શૉ '' નવા રૂપ રંગે, નવા સ્વરૂપે શરૂ થાય છે. અને આ શૉમાં સુનિલ ગ્રોવર પોતાના આંગિક, વાચિક અને સાત્વિક ત્રણેય પ્રકારના અભિનયથી લોકપ્રિયતાની અનેક ઊંચાઈઓને આંબે છે.

આ કલાકારે હાસ્યની વિવિધ ભાવભંગિમાઓ દ્વારા ભારતના જ નહી વિશ્વભરના આબાલ વૃદ્ધ ભારતીયોને હસાવ્યા છે મોટા મોટા દિગ્ગજ અભિનેતાઓ, અભિનેત્રીઓ, કલાકારો, દિગ્દર્શકો, ખેલાડીઓ, નેતાઓ સૌ કોઈ આ કલાકારથી પ્રભાવિત થયા છે. કપિલ શર્માના આ શૉમાં સુનિલ ગ્રોવર વિવિધ પ્રકારના પાત્રો ભજવીને સૌનું મનોરંજન પુરું પાડે છે. ''ડૉ. મશહૂર ગુલાટી ''આ શૉનું સૌથી વિલક્ષણ, લોકપ્રિય, માનીતું અને ખડખડાટ હસાવતું પાત્ર છે. જેને ૫૦ – ૫૦ હોસ્પિટલ છે. આ ડૉકટરનો બાહ્ય દેખાવ ૧૭મી સદીના કોઈ વૈજ્ઞાનિક જેવો બનાવ્યો હોવાથી હાસ્ય ઉત્પન્ન કરે એવો પ્રભાવી છે. આ ડૉ. ગુલાટીનો ઈલાજ દુનિયાના કોઈ મેડિકલ સાયન્સમાં ન હોય એ રીતનો છે. કપિલ શર્મા સાથે ઈન્ટરવ્યુંમાં આવતા તમામ ફિલ્મ કલાકારો કે અન્ય કોઈ સેલેબ્સનો એ મેડિકલ ટેસ્ટ જે અદાથી અને કૉન્ફિડેન્સથી કરે છે તે અદાથી ભલભલા ગહન ને ગંભીર મહારથી કલાકારો પણ ખડખડાટ હસી પડે છે. ડૉકટર તરીકેનો પહેરવેશ, હાથમાં વાદળી રંગની પ્લાસ્ટીકની ડોલ જેમાં તપાસવાના ડોકટરી અવનવા સાધનો. ચાલવાની સ્ટાઈલ, આંખોના હાવભાવ, ચહેરા ઉપરનું મીઠામધ જેવું હાસ્ય અને સામેના કલાકારના વજન (ઈજ્જત) પ્રમાણે ગંભીર થઈ એજ એ ડૉકટર થતી તર્કવિહીન ઈલાજની વાતો અને કપિલ દ્વારા વાળ પકડીને સોફામાં બેસાડવાની (પછાડવાની) ક્રિયા અને દરેક વખતે ડૉ. ગુલાટી દ્વારા બોલાતા સંવાદ – આ બધુ ૨૧મી સદીના હાસ્યની ચરમસીમા છે. શ્રેષ્ઠતા છે. સાવ વાહિયાત, તર્કવિહીન વાતો દ્વારા પારિવારિક અને શિષ્ટ હાસ્યનું સર્જન કરવું સહેજેય સહેલું નથી.

આ ડૉ. મશહૂર ગુલાટીની એક દીકરી પણ છે. સરલા ( સુમોન ચક્રવતી) જે કપિલ સાથે લગ્ન કરવા ઈચ્છે છે, આ ડૉ. ગુલાટીને એક સ્વરૂપવાન નર્સ લોટરી પણ છે. જે કોઈને લાગતી નથી પણ એની સાથે થતી છેડછાડ બધાને ગમે છે. આ બધા વચ્ચેના પ્રસંગો, ઘટનાઓથી જે હાસ્ય નીપજે છે તે સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ ટૉનિક પુરવાર થાય છે. આ જ શૉમાં સુનિલ ગ્રોવરનું બીજું એક પાત્ર પણ છે. ''રિન્કુદેવી''નું અગાઉની ગુથ્થી અહીં રિંકુદેવી તરીકે વધારે નિખરીને આવે છે. પોતાના પતિથી (?) અસંતૂષ્ટ આ રિંકુ પતિની વાતો દ્વારા ઘર ઘરમાં હાસ્ય જન્માવે છે. આ રિંકુ ક્યારેક કૌન બનેગા કરોડપતિની ગેમમાં તો ક્યારેક એન્કરના રૂપમાં તો ક્યારેક ટી.વી શૉમાં ને ક્યારેક એક્સપર્ટના રૂપમાં પોતાની વિશિષ્ટ શૈલીથી - અભિનયના અવનવા પ્રયોગોથી સૌનું મનોરંજન પુરું પાડે છે. આ કલાકારે રિંકુદેવી ઉપરાંત ક્યારેક ભૂવાનું, પટાવાળાનું, પોલીસનું, વિદ્યાર્થીનું, ડાકુનું, વૈજ્ઞાનિકનું પાત્ર ભજવીને પણ કપિલના આ શૉની લોકપ્રિયતાનો ગ્રાફ ઊંચે ચડાવ્યો છે.

આજસુધી નાના કે મોટા પડદા ઉપર આપણા મોટાભાગના હાસ્યકલાકારો મિમિક્રી કરીને સૌને હસાવતા જોવા મળ્યા છે. અથવા તો પોતાની બોલવાની જૂદી છટા અને ભાવભંગિમા દ્વારા હસાવે છે. પરંતુ અહી ડૉ. મશહૂર ગુલાટી અને રિંકુદેવીના પાત્ર દ્વારા પોતાની જાતની – પાત્રની બેઈજ્જતી કરીને, પોતાને હાસ્યાસ્પદ બનાવીને, મૂર્ખ બતાવીને પણ હાસ્ય નિષ્પન્ન કરે છે. આ રીતનું હાસ્ય આપવું સહેલું નથી. કેમ કે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# રીવ્યુ...અવલોકન...સમીક્ષા : અપુન ને બોલા (વોહી) ફાઈનલ ...!



**રજળપાટ**
અજય ઉપાધ્યાય

શાહરુખની 'રઈસ' અને રિતિકની 'કાબીલ' લાખ કોશિશો છતાં ટીકીટબારી પર ટકરાઈ ગઈ, જોકે શાહરૂખ અને રિતિક માટે આ કાઈ પહેલી વારની ટક્કર નહોતી પણ આ ટક્કરમાં બિચારા રીવ્યુવરો અને બોલીવુડ સિતારાઓનો મરો થઈ ગયો. સ્પેશિઅલ પ્રીમિયર જોઈને બહાર નીકળેલા સિતારાઓએ બંને ફિલ્મોના વખાણ કરવા પડ્યા. ક્રિટીક્સ કે રીવ્યુંવરોની વાત તો પછી કરીએ પણ સોશિયલ મીડિયા ફિલ્મી સિતારાઓના 'બ્રેવો કિંગ ખાન' અને 'સુપર્બ રિતિક 'જેવા મેસેજોથી ઉભરાઈ ગયું. ૨૬ જાન્યુઆરી અને વિકેન્ડના રજાના માહોલમાં જેટલા ઉસેટાઈ એટલા પૈસા ઉસેટી લેવાના આર્થિક ઈરાદાઓ પછીથી સાચી ખબર તો સોમવારથી પડશે કે કઈ ફિલ્મ 'રઈસ' બનવા કેટલી 'કાબિલ' છે પણ એ પહેલા તો પ્રચારની એકેય બારી બંધ રાખવામાં નહિ આવે અને ફિલ્મને સતત લોકો વચ્ચે રાખવાના જથ્થાબંધ પ્રયાસો ચાલુ રહેવાના એ નક્કી છે.

આજકાલ ફિલ્મો અને ખાસ કરીને આવા હોટ અને હીટ સ્ટાર્સની ફિલ્મો શરૂઆતના બે-ત્રણ દિવસ કે પહેલા જ વીકમાં ૫૦-૧૦૦ કરોડ તો ઢસડી જ જવી જોઈએ. જેટલું મેકસીમમ આ પહેલા વીકમાં કવર થાય એ થાય પછી જો 'પીચર' માં દમ હોય તો આગે આગે ગોરખ જાગે નહીતર ફિલ્મનું હરે હરે નક્કી હોય! પણ એમ તો આ લોકો હવે ફિલ્મના પ્રમોશનના નામે જાતજાતના ગતકડા કરવામાં જરાય પાછા પડે એમ નથી. હવે તો શોશિયલ મીડિયા જ સૌથી મોટું પ્લેટફોર્મ છે પ્રચારનું. ટીઝર અને ઓડિયો ને નીતનવી સ્ટોરીથી ફિલ્મો 'આ રહા હું મૈં' કરતી પ્રચાર કરતી રહે છે, અરે પ્રચારનો ક્રેઝ તો જુવો કે ૨૦૧૮માં રીલીઝ થનારી ફિલ્મો કે હજુ તો શુટિંગ ચાલુ હોય એવી ફિલ્મો પણ અત્યારથી મીડિયામાં કાગારોળ કરી મુકે છે. ખેર, ફિલ્મ નિર્માતાઓ ફિલ્મો મનોરંજનની સાથે સાથે કમાવા માટે બનાવતા હોય છે એટલે સ્વાભાવિક છે કે પૈસા ડૂબે નહિ એવા બધા જ હથકંડા અપનાવવા જરૂરી બને છે.

છોટા પરદા પર ચાલતા અનેકો શો, સીરીયલો કે ખાસ પેશકશના નામે પ્રમોશનો થાય છે, પાછલી બે ફ્લોપ ફિલ્મોનો માર સહન કરી ચુકેલા શાહરૂખ જેવા વળી ટ્રેનની સફરે નીકળી પડે છે. ટીવી, છાપા અને મેગેજીનોથી લઈને સડકો અને રેડિયો પર સતત પ્રચાર કરવું એ નવી ફિલ્મના પ્રમોશનની સ્ક્રિપ્ટમાં અગાઉથી જ લખેલું હોય છે. આ બધા જ હથકંડાની સાથે સાથે એક બીજો પ્રચારનો પર્યાય કે પ્રયાસ છે 'રિવ્યું'. યાની કે સમીક્ષા.! સોશિયલ મીડિયાનું સુખ ગણો કે દુખ પણ અહિયાં હર બીજો આદમી કે ઔરત એક 'મહાન ફિલ્મી રીવ્યુંવર' છે...! કોઈ પૂછે કે ના પૂછે 'ફર્સ્ટ ડે ફર્સ્ટ શો' જોઈને હજુ તો ટોકીઝના પગથીયા ના ઉતર્યો હોય ત્યાં સટાક કરતો ફેસબુક કે ટ્વીટર પર રીવ્યુ ઠબકારે નહિ ત્યાં સુધી એને ચેન ના પડે...! સારી વાત છે, ફિલ્મ આખરે મનોરંજનનું સાધન છે અને આજકાલ તો નવી ફિલ્મ રીલીઝ થાય તો ટીકીટોના ભાવમાં પણ રાજાની કુવરીની જેમ ધરખમ વધારો આવી જતો હોય છે એવામાં બિચારા 'અવલોકનકાર' કે 'સમીક્ષક' ની શુભ ભાવના તો એ જ હોય છે કે જો ફિલ્મ ખરાબ હોય તો પોતે 'બટકયો' એમ બીજા ના બટકે અથવા તો સારી ફિલ્મ હોય તો 'આપણે પહેલા જ જોઈ લીધી' એવા વિજયીભાવની સાથે સાથે પોતે ફિલ્મ સારી કેમ છે એનું જ્ઞાન પણ પ્રદર્શિત કરી શકે....! હકીકત એ છે કે ઘણા તો રીવ્યુ લખી શકાય એટલા માટે જ ફિલ્મ જોવા જતા હોય છે...! ખેર, અપની અપની સોચ હૈ શેઠજી...!

સી, પ્રોફેશનલ અવલોકનકારો અને નોન-પ્રોફેશનલ રીવ્યુવરોમાં ફરક તો રહેવાનો જ. ઈનફેક્ટ મારા હિસાબે તો નોન-પ્રોફેશનલ લોકોનો રીવ્યુ વધુ સટીક હોવાના ચાન્સીસ વધુ રહેવાના. પણ સાલ્લુ છતાયે 'એક વાત હજુયે નથી સમજાતી કે મને ગમી એ ફિલ્મ બીજાને પણ ગમશે જ એમ કેમ કહી શકાય? કારણ કે ખરેખર તો જે તે રીવ્યુ એ જોનારના ગમા-અણગમા પર આધારિત હોય છે અને ફિલ્મી ઈતિહાસમાં એવા અનેકો દાખલા મોજુદ છે જ કે રીવ્યુ સારા લખાયા હોય પણ ફિલ્મ ફીલોપ થઈ હોય...! અસલમાં રીવ્યુ પણ એ ફિલ્મ પ્રમોશનનો એક ભાગ જ છે અને હવે આજકાલ તો નોન-પ્રોફેશનલ લોકોને પણ સારા રીવ્યુ લખવાના પૈસા મળે છે (એવું સંભળાય છે હો). કમાલ ખાન (કેઆરકે) ની હમણા જ 'એ દિલ હૈ મુશ્કીલ' અને 'શિવાય' ની એકસાથે રીલીઝ થવા સમયે વાયરલ થયેલી ઓડિયો કલીપ એનું ઉદાહરણ છે જ..!! જો કે કેઆરકે તો હવે ફૂલ ટાઈમ અવલોકનકાર કહી શકાય પણ એ સિવાય પણ રીવ્યુ વાંચો તો ખ્યાલ આવી જાય કે ક્યા તો લખનારની જે તે હીરો કે ફિલ્મ પરની પર્સનલ ભક્તિ રીવ્યુમાં સામેલ છે યા તો પૈસાનો ખેલ પડી ગયો છે...! ૨૦૧૧માં જાણીતા ડિરેક્ટર નીખીલ અડવાણીએ ખુલાસો કર્યો હતો કે તે બોલીવૂડમાં એવા 'ઘણા બધા'ને ઓળખે છે જેઓ ફિલ્મના પોઝીટીવ રીવ્યુ લખવા માટે નાણા મેળવે છે...!

ખેર, રીવ્યુ લખવો કરતા ' મેં આ ફિલ્મ જોયું '... ' મને આ ફિલ્મના પાસાઓનું અદભુત જ્ઞાન છે ''...''મારો ફિલ્મો બાબતનો ટેસ્ટ અલગ અને ઉંચો છે ''....આવા આવા આત્મશ્લાધક અભરખાઓનું પ્રદર્શન કરવાનો ઈરાદો વધુ હોય છે અને આમાં આમ કે ખાસ બંને પ્રકારના રીવ્યુકારો સામેલ છે. બાકી રીવ્યુ વાંચીને કોઈ ફિલ્મ જોવા જતા હોય એ વાતમાં કોઈ જ પ્રકારનો દમ નથી એ લખી રાખવું. જેને ફિલ્મ જોવું જ છે એ તરણ આદર્શ, કોમલ નહાટા કે રાજીવ મસંદના રીવ્યુ વાંચવા નથી બેસતો. અનેક રીવ્યુ એવા છે કે જેને એકાદ સ્ટાર આપ્યો હોય કે બકવાસ સાબિત કરાયું હોય પણ ટીકીટબારીએ હીટ ગયું હોય. અક્ષયના 'હોલીડે' ના રીવ્યુમાં એવું જ હતું તો અક્ષયની જ 'રાઉડી રાઠોર' . શાહરુખની 'ચેન્નાઈ એક્સપ્રેસ' કે સલમાનની 'બોડીગાર્ડ' અને ઈવન ; 'કિક' ના પણ રીવ્યુ સારા નહોતા લખાયા પણ ઈતિહાસ ગવાહ હૈ આ બધી જ ફિલ્મો સુપરડુપર હીટ નીવડેલી. ઈવન ઘણા બધા ફિલ્મ મેકર્સને મન રીવ્યુનું કોઈ મહત્વ જ નથી, તેઓ સ્પષ્ટ માને છે કે ફિલ્મમાં દમ હશે તો કોઈ નેગેટીવ કે પોઝીટીવ રીવ્યુની જરૂર જ નથી, એ આપમેળે હીટ જવાની જ..!! લેટેસ્ટ રીલીઝ 'દંગલ' નો જ દાખલો લ્યો ને, નો ડાઉટ રીવ્યુ સારા જ હતા પણ બીજા કોઈ પબ્લીસીટીના પેતરા કર્યા વગર પણ હિન્દી ફિલ્મી ઈતિહાસની ટોપ અર્નર બની જ ગઈ ને...! કેમકે આખરે તો પબ્લિક જ માઈ-બાપ સાબિત થવાની ને...!

અગાઉ જુજ જ અવલોકનકારો હતા આજે રીવ્યુ આપનારાઓનો તોટો નથી. હજારો બ્લોગ્સ, વેબસાઈટ કે છાપા-મેગેજીનોની કોલમો ફિલ્મી રિવ્યુથી ઉભરાઈ છે. આટલું ઓછું હોય એમ એફએમ રેડિયો ના જોકીઓથી માંડીને ફેસબુક અને ટ્વીટરની દીવાલો પર અવલોકનોની પોસ્ટો રોજ ઠલવાય છે અરે એટલું જ નહિ પણ 'ડોન્ટ મિસ' અને 'આ તો જોવું જ પડશે' એવા ધમકીસભર આમંત્રણો ગ્રુપ્સ કે ફોલોવર્સમાં વહેતા થાય છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**